# ગાંધીનગરમાં અદ્યતન કોર્ટ સંકુલનો શિલાન્યાસ







## કાયદામંત્રીશ્રી – સુપ્રિમકોર્ટના જજશ્રીઓ – હાઈકોર્ટના ચીફ જસ્ટીસની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર,તા.૨૩

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, મજબૂત ઈન્ફાસ્ટ્રક્ચર નિર્માણથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસાવેલી પરિપાટીને ગુજરાત અવિરત વિકાસ કામોથી આગળ ધપાવી રહ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર જ્યુડીશીયલ ઈન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના માર્ગે આગળ વધી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં નિર્માણ થનારી નવી ડીસ્ટ્રિક્ટ કોર્ટના ભવનનું ભૂમિપૂજન કર્યું હતું. આ નવી ડીસ્ટ્રીક્ટ કોર્ટનું ભવન બે બેઝમેન્ટ પાર્કિંગ અને ૭ માળ સહિતની અધ્યતન સુવિધા સાથે રૂપિયા ૧૩૬ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થવાનું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ભવનના શિલાન્યાસ સાથે અમદાવાદમાં લો ગાર્ડન, ધૂલિયા કોટ ખાતે ન્યાયિક રહેણાંક મકાનોનું પણ વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું હતું. કાયદામંત્રી શ્રી ઋષિકેશ પટેલ, સુપ્રિમ કોર્ટના જજ શ્રી એમ. આર. શાહ, સુશ્રી બેલાબહેન ત્રિવેદી, ગુજરાત હાઈકોર્ટના એક્ટીંગ ચીફ જસ્ટીસ શ્રી એ. જે. દેસાઈ, એડવોકેટ જનરલ શ્રી કલમભાઈ ત્રિવેદી સહિત જિલ્લા કોર્ટના ન્યાયાધિશશ્રીઓ કાયદાવિદો અને અગ્રણી વકીલો આ અવસરના સાક્ષી બન્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ન્યાયપાલિકા, ધારાસભા અને બ્યૂરોકેસી ત્રણેય અંગોની સિનર્જી લોકતંત્રને ગતિશીલ અને વિકાસશીલ રાખે છે. ન્યાયપાલિકાનું એક આગવું સ્થાન અને મહત્ત્વ છે. ત્યારે ન્યાયતંત્રને જરૂરી ઈન્ફાસ્ટ્રક્ચરથી સુસજ્જ બનાવવાની આપણી નેમ છે. તેમણે જણાવ્યું કે, ઈન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતના કોઈપણ વિકાસ કામોમાં નાણાંકીય વ્યવસ્થાપનો અભાવ ન રહે તે રીતે રાજ્ય સરકારે સુદ્રઢ ફાયનાન્સિયલ મેનેજમેન્ટ કર્યું છે. કોરોનાના કપરા કાળ પછીના બજેટમાં પણ રાજ્ય સરકારે જે નાણાં વ્યવસ્થાપન કર્યું તેની નિતી આયોગે પણ સરાહના કરી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, આ વર્ષે રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું રૂપિયા ૩ લાખ કરોડનું બજેટ સરકારે આપ્યું છે અને તેમાં ઈન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો વિકાસ પંચસ્થંભમાં સમાવેશ કર્યો છે. કાયદા વિભાગને વધુ સુવિધાસભર બનાવવા રૂપિયા ૨૦૧૪ કરોડની જોગવાઈ ન્યાયતંત્રની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને સરકારે કરી છે તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પેટલે લોકશાહી વ્યવસ્થામાં સૌને ઝડપી, સરળ ન્યાય મળે તથા લોકોનો ન્યાયતંત્ર પ્રત્યેનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર જરૂરી સહયોગ અને સહભાગીતા કરશે તેમ પણ ઉમેર્યું હતું. ન્યાયતંત્રએ લોકશાહીનો મુખ્ય આધાર સ્તંભ છે, એવું કહી કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રીનો ભારત ભરના લોકો માટે સરળ, સજ્જ અને મુશ્કેલીઓ વગરનું તંત્રનું નિર્માણ કરવાનો સંકલ્પ છે. આ કાર્યને મૂર્તિમંત કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ જ માર્ગ ઉપર આગળ વધી રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટના એક્ટિંગ મુખ્ય જજશ્રી એ. જે. દેસાઈએ નવીન ભવનના ભૂમિપૂજન પ્રસંગે સૌને અભિનંદન આપતા કહ્યું હતું કે ગાંધીનગર શહેરના મધ્યમાં આધુનિક જિલ્લા કોર્ટનું નવીન ભવન તૈયાર થવાથી તમામને વધુ સુગમતા રહેશે. નવીન કોર્ટમાં કુલ આઠ માળમાં તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ઉપરાંત નવીન કોર્ટમાં એડીઆર સેન્ટર શરૂ કરવામાં આવનાર છે. જેનો મહત્તમ લાભ લેવા જજ શ્રી દેસાઈએ વકીલોને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, અમદાવાદ શહેરની વચ્ચે લો ગાર્ડન ખાતે ૨૦૦ થી વધુ રહેણાંકના મકાનો એક જ જગ્યાએ તૈયાર થવાથી જજીજ સહિત સ્ટાફને રહેવાની ખૂબ જ સારી અને સુરક્ષિત વ્યવસ્થા ઉપલબ્ધ થશે. ગાંધીનગર જિલ્લાના મુખ્ય જજ શ્રી જે. આર. શાહે સ્વાગત કરીને ગાંધીનગર જિલ્લાની અસ્તિત્વ પહેલાની જિલ્લાની ન્યાયીક પરિસ્થિતિની વિગતો આપી નવીન ભવન બદલ રાજ્ય સરકાર અને ગુજરાત હાઈકોર્ટેનો આભાર માન્યો હતો. તેમણે નવીન ભવનની માહિતી આપતાં કહ્યું હતું કે, ગાંધીનગરમાં, રામ કથા મેદાનમાં સેકટર -૧૧ ખાતે ૧૯,૩૭૫ ચો.મી.માં રૂ.૧૩૬ કરોડના ખર્ચે કુલ ૨૮ અદાલત ધરાવતું આઠ માળનું આધુનિક ભવનનું નિર્માણ થશે.જેમાં બે માળનું બેઝમેન્ટ પાર્કિંગ, કોન્ફરન્સ રૂમ,આધુનિક લાયબ્રેરી, સાક્ષીઓની જીબાની રૂમ, જજીજ ચેમ્બર સહિતની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટેના રજિસ્ટ્રાર જનરલ શ્રી આર. કે. દેસાઈએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ગુજરાત હાઈકોર્ટના સિનીયર જજશ્રી એન.વી.અંજરિયા, એડવોકેટ જનરલ શ્રી કમલ ત્રિવેદી, કાયદા વિભાગના સચિવ શ્રી પી.એન. રાવલ, હાઈકોર્ટના જજજીશ્રીઓ, ગાંધીનગર જિલ્લાના વહીવટી જજશ્રી એ.એસ.સુપૈયા, બાર એસોસિએશના પ્રમુખશ્રી અને સભ્યશ્રીઓ, આમંત્રિત મહાનુભાવો અને વકીલશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



અખાત્રીજના અવસરે સેક્ટર-૫ અંબામાતાના મંદિરે ભગવાન સત્યાનારાયણની કથાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વોર્ડ નં. ૮ના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

## ઈસનપુર મોટા શ્રી એમ બી પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે લાયન્સ કલબ ઓફ ઈન્ડિયા અમદાવાદ ના સભ્યોની મિટિંગ મળી



ગાંધીનગર,તા.૨૨

આજ રોજ તાઃ૨૨-૦૪-૨૦૨૩ને શનિવારના રોજ ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામેઆવેલ શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પીટલ ખાતે લાયન્સ ક્લબ ઓફ ઈન્ડિયા - અમદાવાદના સભ્યોની મિટીંગ મળી જેમાં લગભગ ૪૦ જેટલા સભ્યો તથા હોસ્પીટલના ચેરમેનશ્રી જયંતિભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી રમેશભાઈ પટેલ, સહમંત્રીશ્રી અવિનાશભાઈ પટેલ તથા ગામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબના સભ્યોને હોસ્પીટલના સ્થાપના કાળથી લઈ વર્તમાન સમયની હોસ્પીટલની ગતિ-પ્રગતિનો અહેવાલ તથા હોસ્પીટલમાં ઉપલબ્ધ સુવિધાઓ તથા ગરીબ દર્દી ભાઈ-બહેનોના કલ્યાણ અર્થે અમલીકરણ કરવામાં આવેલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથી અવગત કરાવવામાં આવ્યા હતા. જેનાથી તમા સભ્યો પ્રભાવિત થયા હતા. કાર્યક્રમ સફળ રીતે પરિપૂર્ણ થતાં શ્રી એમ.બી.પટેલ સાર્વજનિક હોસ્પીટલ પરિવાર તથા ટ્રસ્ટીગણ અને ગામ આગેવાનો હર્ષની લાગણી અનુભવે છે.



આજે બીસીજી (બુટાકિયા ક્રિકેટ ગ્રાઉન્ડ) ડભોડા ખાતે શ્રી ડભોડીયા હનુમાન ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો. જે પ્રસંગે સરપંચ ડભોડા ભુપતસિંહ ઠાકોર, શિહોલી સરપંચ પરબતજી ઠાકોર વિગેરે સાથે ઉપસ્થિત રહ્યા. આજુબાજુના ગામોના ક્રિકેટ રસિકો માટે ખુબ સુંદર અને અલાયદુ આયોજન હોવાથી ખુબ આશીર્વાદરૂપ ક્રિકેટ શ્રેણી છે. આયોજકોને ખુબખુબ ધન્યવાદ.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.છોટાળ કનકભાઈ ભુરાબાઈ ઉ.વ.૬૯, સરગાસણ
- સ્વ. ઠાકોર બાબુજી રણછોડજી ઉ.વ.૭૨, ટીંટોડા
- સ્વ. સોલંકી ખનીબેન રેવાભાઈ ઉ.વ.૭૪, મોટા ચિલોડા
- સ્વ.બાતમ ભગવતી અશોકકુમાર ઉ.વ.૬૩, આલમપુર
- સ્વ.વાઘેલા લીલાબા ચંદુજી ઉ.વ. ૬૯, બોરીજ
- સ્વ. ત્રિપાઠી ચંદ્રકલા રામચંદ્ર ઉ.વ.૬૯, કુડાસણ

### ઈન્ટરનેશનલ સટ્ટા રેકેટનો પર્દાફાશ

# મહાદેવ અને ફાયર પ્લે બકથી સટ્ટોડીયા સટ્ટો રમાડતા હતા

## આર્થિક વ્યવહારો માટે ૧૧ ખોટી કંપનીઓ ઉભી કરી હતી, પોલીસે રૂ.૯.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારના મારૂતિ મેગ્નમ એપાર્ટમેન્ટમાંથી દુબઈ સંચાલિત ઈન્ટરનેશનલ ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ કરી કુલ-૧૭ સટ્ટોડીયાને પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી ૫૦ જેટલા લેપટોપ, સટ્ટાને લગતા સાહિત્ય અલગ અલગ ટીમના સભ્યોએ ત્રાટકી ઈન્ટરનેશનલ ક્રિકેટ સટ્ટાનો રેકેટનો પર્દાફાશ કરી ૧૭ આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસે રૂ.૭.૨૦ લાખના ૪૮ નંગ મોબાઈલ, રૂ.૬૮,૭૩૦ રોકડા, ચાર લેપટોપ કિં.રૂ.૨ લાખ, પાસબુક-ચેકબુક નંગ-૨૨, જુદીજુદી બેંકોના કાર્ડ નંગ-૪૫, હતું કે આરોપીઓ પોતાની પાસેના લેપટોપમાં ફાયર પ્લે સાઈટ પર ઓનલાઈન પેમેન્ટના સ્લીપના શોર્ટ મોકલતા હતા. વીડ્રોવલ ડીપોઝીટ ગ્રુપમાં મોકલી ક્રિકેટ સટ્ટો રમી રહેલા ગ્રાહકના આવતા પેમેન્ટની નોંધ ટ્રાન્ઝેકશન (યુટીઆર) તેમજ કરેલા પેમેન્ટનો હિસાબ લખતા હતા. જેની વિગત મોબાઈલના આંકડો કરોડો રૂપીયામાં જઈ શકે છે. જયારે મુખ્ય આરોપીઓ દુબઈ ખાતે રહીને મહાદેવ અને ફાયર પ્લે બુકના નામથી સટ્ટો ચલાવી રહ્યા હતા. જયારે મેચ પુરી થયા બાદ તમામ હારજીતના સોદાના નાણા દુબઈ ખાતે હવાલા મારફતે દુબઈ મંગાવતા હતા.






બેન્કોના ટ્રાન્ઝેકશન કાર્ડસ અને પાસ-ચેકબુકો મળી કુલ રૂ.૯.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા એલસીબી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જયારે સટ્ટોડીયાઓએ મોટાપાયે આર્થિક વ્યવહારો કરવાના હોવાથી ૧૧ જેટલી ખોટી કંપનીઓ ઉભી કરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંદેસણ મારૂતિ મેગ્નમ ફ્લેટ નં એ ૫૦૧ ખાતે એલસીબી પીઆઈ ડી.બી.વાળા સહિતના પાનકાર્ડ નંગ-૧૩, ક્રિકેટ સટ્ટાના વ્યવહારોની નોંધ માટેના ચોપડા નંગ-૨૧,ચુંટણી કાર્ડ-૩, વિદેશી કાર્ડ નંગ-૩, હિસાબ ગણવાના કેલકયુલેટર, યુએઈનું એક કાર્ડ મળી રૂ.૯.૮૯.૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

એલસીબી પોલીસ દ્વારા ૧૭ આરોપીને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જયારે રિમાન્ડ દરમિયાન વિવિધ વિષયો પર તપાસ હાથ ધરવામાં આવશે. આ અંગે ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા અમી પટેલે જણાવ્યું વોટસએપમાં સેવ હતી. હિસોબ ચેક કરતા ભગીરથ પાસેથી મળેલા ચોપડામાં કુલ ૨૭૬ યુટીઆર ટ્રાન્ઝેકશનમં કુલ રૂ.૬.૬૦.૭૨૫, ધવલ પાસે ૯૬ આઈડીમાંથી કુલ રૂ.૫.૧૧.૧૭૭, તેજારામ પાસેથી ૧૭૭ આઈડીમાંથી કુલ રૂ.૭. ૬૪. ૬૯૭, તેમજ એક ચોપડા માંથી ૪૮૧ આઈડી માંથી કુલ રૂ.૧૨,૬૫,૭૩૭ ના નાણાકીય વ્યવહારના હિસાબો મળી આવ્યા હતા.તમામ આરોપીઓના મોબાઈલ બેંકની વિગતો પરથી

### રાંદેસણ મારૂતિ મેગ્નમ ખાતે માલિકે પેન્ટ હાઉસ ભાડે આપ્યું હતું.

રાંદેસણ વિસ્તારમાં આવેલા મારૂતિ મેગ્નમ ખાતે એ ૫૦૧ ખાતે આવેલા પેન્ટ હાઉસના માલિક જયરાજસિંહ ભરતસિંહ રહેવરે બુકી રવિ માળી અને જીતુ માળીને ભાડેથી આપ્યું હતું. જયારે બુકી દ્વારા અંદર તમામ સગવડ કરવામાં આવી હતી. આઈપીએલ મેચનો પ્રારંભ થતા જ તમામ પંટરો લેપટોપ લઈ ગોઠવાઈ જઈને ઓનલાઈન સટ્ટા બેટીંગ કરતા હતા.

### આર્થિક વ્યવહારો કરવા માટે બુકીઓએ બોગસ કંપનીઓ ઉભી કરી

ગાંધીનગર એલસીબી પોલીસે ઝડપી પાડેલા રાંદેસણમાં ઝડપી પાડેલા સટ્ટા રેકેટનું સંચાલન દુબઈથી થતુ હોવાનું સામે આવ્યું છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ સટ્ટાના કરોડોના આર્થિક વ્યવહારો કરવા બુકીઓએ બોગસ કંપની ઉભી કરી હતી. જેમાં આદીત્ય ટ્રેડીંગ, પીન્ટુ જૈન, સંકેત ડાંગી ઈમેલ, સંગમ સેવર, કેવલજી ટેક્ષટાઈલ, સિંધવ નારણભાઈ, કેતનભાઈ પટેલ, ઠાકરડા ભરતજી કુંવરજી, દિનેશકુમાર મકવાણા, કાનજી ટેક્ષટાઈલ, કેવલજી ટેક્ષટાઈલ નો સમાવેશ થાય છે. જયારે વિવિધ કંપની અને વ્યકિતના નામે બેંકોમાં એકાઉન્ટ ખોલાવ્યા હતા.

સટ્ટોડીયાઓને ઓનલાઈન આઈડીઓ જેવી કે Betbhai.com, Cricketbuzz.com, Gold365.com, Leser247.com, Play247.com, Sky1exchange.com, Tigerxch247.com દ્વારા ક્રિકેટનો સટ્ટો રમાડવામાં આવતો હતો. આ સમગ્ર નેટવર્કના મુખ્ય સુત્રધાર રવિ માળી, જીતુ માળી અને સુનિલ ચંદનલાલ દુબઈના બુકી સાથે મળીને સટ્ટાનું રેકેટ ચલાવતા હતા.

## શહેરના ટયુશન-સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસો પર ફાયર વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૩

રાજયનું પાટનગર કર્મચારી નગર તરીકે ઓળખાતું હતું. પરંતુ હવે આ શહેરે રોકેટગતિએ વિકાસની વાટ પકડતા શિક્ષણનગરી બની ગયું છે. શાળા-કોલેજો, યુનિવર્સિટીઓ અને સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસનો રાફડો ફાંટતા લાખો યુવા ઉમેદવારો વિવિધ પરિક્ષાની તૈયારી કરવા માટે ગાંધીનગરમાં રહે છે. ત્યારે શહેરમાં સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ અને શાળાકીય અભ્યાસના ટ્યુશન કલાસીસની સંખ્યા પણ નોંધનીય છે. ત્યારે શહેરમાં માત્ર ૧૩ ટયુશન કલાસીસ સંચાલકો પાસે ફાયર એનઓસી છે. જયારે બાકીના કલાસીસ સંચાલકો રામ ભરોસે રૂમમાં બેસાડી શિક્ષણ આપી રહ્યા છે. ત્યારે શહેરમાં સ્પર્ધાત્મક પરિક્ષાની ધમધમતી હાટડીઓ પર ફાયર વિભાગ દંડનીય કાર્યવાહી કરશે. મળતી વિગત મુજબ ઉનાળાના પ્રારંભે જ શહેરમાં આગના બનાવમાં વધારો જોવા મળ્યો છે. તાજેતરમાં સેકટર-૨૨ શોંપીગમાં એક મીટર બોક્ષમાં આગ લાગી હતી.પરંતુ તે ફાયરના સાધનો હોવાથી તે આગ તાત્કાલીક બુઝાવી દેવામાં આવી હતી. જો કે તે કલાસીસ પાસે ફાયર એનઓસી હતી. શહેરમાં માત્ર ૧૩ કલાસીસ જોડે ફાયર એનઓસી છે. જયારે સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસમાં ક્ષમતા કરવા વધુ બેસાડી શિક્ષણ આપવામાં આવે છે. ત્યારે વિદ્યાર્થીઓ પાસેથી હજ્જારો રૂપીયા ખંખેરતા કલાસીસ સંચાલકોએ ફાયર એનઓસી લેવી જરુરી બને છે.શહેરમાં હાલ ચાલી રહેલા કલાસીસ પર અચાનક આગામી સમયમાં ફાયર વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવશે. જે કલાસીસમાં ફાયરના સાધનો અને એનઓસી લેવામાં નહી આવી હોય તેમને નોટીસ ફટકારી કાયદેસરની કાર્યવાહી ફાયર વિભાગ દ્વારા કરવામાં આવશે.

## કોટેશ્વર રીલાયન્સ માર્ટ પાસે સાધુના વેશમાં ઠગે વૃદ્ધની બે વીંટી અને સોનાની ચેઈન લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૩

કોટેશ્વર ગામ પાસે રીલાયન્સ માર્ટ પાસે આઈટેન કારમાં આવેલા સાધુના વેશમાં આવેલા ઠગે ચાલવા નીકળેલા વૃધ્ધને કોટેશ્વર મંદિર ક્યાં આવ્યું છે તે પુંછવાના બહાને વાતચીત કરી વિશ્વાસમાં લઈ વૃદ્ધની હાથમાં પહેરેલી બે વીંટીઓ અને ગળામાં પહેરેલી સોનાની ચેઈન મળી કુલ રૂ.૧.૭૦ લાખની કિંમતની ચીજવસ્તુ લઈ ઠગ ટોળકી ગાડી લઈ રફુચકકર થઈ ગઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોટેશ્વર દેવ ટ્રાયન્કલ સોસાયટી ખાતે રહેતા ૭૩ વર્ષિય યોગેન્દ્રભાઈ પોપટલાલ જેઠવા પરિવાર સાથે રહીને નિવૃત જીવન ગાળી રહ્યા છે. તેઓ પત્ની અને સંતાનમાં બે દિકરા તેમજ એક દિકરી છે. ગત તા.૩૦ માર્ચ ૨૦૨૩ ના રોજ પોણા બાર વાગ્યાના અરસામાં વડીલ સોસાયટીમાંથી નીકળી વોકીંગ માટે કોટેશ્વર ધામ તરફ જતા હતા. તે સમયે આશરે બાર વાગે સોસાયટીથી આગળ રીલાયન્સ માર્ટની સામે ચારરસ્તા નજીક એક આઈટેન કાર ઉભી રહી હતી. કાર ચાલકે કોટેશ્વર મહાદેવ મંદિર જવાનો માર્ગ પુછ્યો હતો. જેથી વૃધ્ધે મંદિરનો રસ્તો બતાવ્યો હતો. જયારે ગાડીના આગળના ભાગે કપડા પહેર્યા વિનાના સાધુ બેઠા હતા. જયારે ગાડીના ચાલકે સાધુના દર્શન કરવાનું કહેતા વૃદ્ધે દર્શન કર્યા હતા.જયારે સાધુએ એક રૂપીયો વડીલને આપવા માટે કહ્યું હતું. જેથી તેઓની પાસે એક રૂપીયા ના હોવાથી બાજુમાં રહેલા વૃક્ષનું પાંદડુ તોડી લાવવા માટે કહ્યું હતું,જેથી વડીલે પાંદળુ આપતા કંઈ કરીને આપતા રૂ.૫૦૦ ની નોટ થઈ ગઈ હતી. ત્યારબાદ બંને હાથ લાંબા કરવાનું કહેતા તેઓએ કરતા સાધુએ તેઓને વિશ્વાસમાં લઈ જમણા હાથમાં પહેરેલી બે વીંટી અને સોનાની ચેઈન કાઢી લીધી હતી. ત્યારબાદ વડીલને પાછા જવાનું કહી ઠગે સાથીઓ સાથે ગાડી લઈ નાસી ગયા હતા. ત્યારબાદ વડીલે દિકરાને વાત કરતા દિકરો મુંબઈ હોવાથી કેસ કરવાની ના પાડી હતી.ત્યારે અચાનક વડીલે એક એપમાં સમાચાર જોયા હતા કે મેઘરજ ખાતે વશીકરણ કરી છેતરતો ઢોંગી ઝડપાયો. આ સમાચારમાં જે શખ્સનો ફોટો હતો. તે ગાડીમાં જે બાવાના વેશમાં બેઠો હતો તે જ શખ્સ હતો. તેનુ નામ સમાચારમાં નરસિંહનાથ ઉર્ફે અચીયો સમજુનાથ ભાટી (વાદી) હોવાનું જણાવ્યું હતું. આ શખ્સ સામે મેઘરજ ખાતે ગુનો નોંધાયો છે. જેથી વડીલ અને તેમના દિકરાએ અડાલજ પોલીસ મથકે આ શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરના વિકાસ પામી રહેલા વિસ્તારોમાં આજે ઉદ્‌ઘાટન સમારોહ વધુ જોવા મળ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં સે. ૨૨માં ગટરલાઈન નાખવાના કામને લઈ ખોદકામ ચાલી રહ્યુ છે. આજે એક-બે સ્થાનોએ ઈલે. કેબલ પણ તુટ્યાનું બહાર આવ્યુ છે.

● ગાંધીનગર શહેરના શૈક્ષણિક જગતમાં પરીક્ષાના માહોલ વચ્ચે પરિણામો તૈયાર કરવાની કામગીરી પણ વેગીલી બની છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીને લીધે શાકભાજીના ભાવ પણ ઉંચકાયા છે. કેરી મોંઘી હોવાથી તડબુચ અને ટેટીની માંગ વધી છે.

● દહેગામના બિલામણા ગામે ગોગા મહારાજના મંદિરે મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

● મુબારકપુર-અલુવાનો માર્ગ સાવ બિસ્માર થતાં ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● રાંચરડા ગામે આઈસર ચાલકે રોડક્રોસ કરી રહેલ વૃદ્ધને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો.

● કલોલના પિયજ ગામે દુકાને જતી માતાની પાછળ દોડેલા બાળકને કોઈ અજાણ્યા એક્ટીવા ચાલકે ટક્કર મારતાં બાળકનું મોત થયાની ઘટના નોંધાઈ છે.

● માણસાના પુંધરા ગામે બે વ્યક્તી પર ૬ શખ્સોનો હુમલો : શખ્સો સોનાની ચેઈન લૂંટની ચલાવી ફરાર થયાની ઘટના પોલીસમાં નોંધાઈ છે.

કલોલના રાંચરડા ગામે બંધ મકાનમાં તસ્કરો ચાર લાખથી વધુ મત્તાની ચોરી કરી ફરાર થયા છે.

● કલોલમાં એક જ કોમના બે જૂથો વચ્ચે મારામારી : ૮ વ્યક્તીઓ સામે ફરિયાદ નોંધાઈ.

● માણસામાં પરશુરામની પ્રતિમાનું લોકાર્પણ કરાયુ છે.

● ગુજરાત મેનપાવર એસો.ની રચના કરવામાં આવી છે.

● અખાત્રીજના દિવસે સમર્પણ આશ્રમમાં મહિલા સંમેલનનું આયોજન કરાયુ હતુ.

● ઉવારસદ ગામે સ્વામિનારાયણ મંદિરના રજત શતાબ્દી મહોત્સવને લઈ ચંપલનું વિતરણ કરાયુ હતુ.

● આત્મન ફાઉન્ડેશન દ્વારા ૨૯, ૩૦ અને ૧લી મેના રોજ અભિવ્યકતી બાળ શિબિર યોજાશે.

● આજે જિલ્લાના ચારેય તાલુકા મથકો પર તાલુકા સ્વાગતના કાર્યક્રમો યોજાયા છે.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીને પગલે અને રજાના માહોલમાં લોકોએ ઘરે બેસીને આઈપીએલની મેચ માણી હતી.

● સરઢવના અમદાવાદમાં વસતા પરિવારો દ્વારા પદયાત્રા સંઘ યોજી આજે સવારે વારાહીમાતાના મંદિરે ધજા ચડાવી હતી. ગઈકાલે આ પદયાત્રા નીકળી હતી.